



## બાંગ્લાદેશમાં ટોળાથી બચવા હિન્દુ યુવક નહેરમાં કૂદી પડ્યો

ઢાકા, તા. 7 : પીટીઆઈ): ઉત્તર પશ્ચિમ બાંગ્લાદેશમાં ટોળાથી બચવા માટે 25 વર્ષીય હિન્દુ યુવક નહેરમાં કૂદી પડ્યો, જેના કારણે તેનું મોત થયું, ટોળું તેના પર ચોરી કરવાનો આરોપ લગાવી રહ્યું હતું. આ ઘટના લઘુમતી સમુદાયને નિશાન બનાવતા બનાવોમાં તાજેતરની છે. બાંગ્લાદેશ હિન્દુ બૌદ્ધ ખ્રિસ્તી એકતા પરિષદ (બીએચબીસીયુસી)ના પ્રવક્તા કાજોલ દેબનાથે જણાવ્યું હતું કે મૃતકની ઓળખ મિથુન સરકાર તરીકે થઈ છે. મંગળવારે નૌગાંવ જિલ્લામાં ચોરીનો આરોપ લગાવતા ટોળાએ સરકારનો પીછો કર્યો હતો. બચવા માટે, તે નહેરમાં કૂદી ગયો પરંતુ દુર્ભાગ્યપૂર્ણ રીતે ડૂબી ગયો હતો, એમ દેબનાથે જણાવ્યું હતું.



» કોલંબિયાના પાસ્તોમાં યુનેસ્કો દ્વારા માન્યતા પ્રાપ્ત સાંસ્કૃતિક ઉત્સવ 'બ્લેક એન્ડ વ્હાઇટ કાર્નિવલ'માં ભાગ લઈ રહેલા ઉત્સાહી લોકો. આ ઉત્સવ વંશીય એકતા અને સાંસ્કૃતિક વિવિધતાનું પ્રતીક માનવામાં આવે છે.

# 'ઓપરેશન સિંદૂર'થી ફફડેલા પાકિસ્તાને અમેરિકામાં ખર્ચ્યા 45 કરોડ

**ભારત**-પાકિસ્તાન યુદ્ધને અટકાવવા, આર્થિક સહાય, સૈન્ય સહાય જેવી વિવિધ બાબતો માટે પાકિસ્તાને અમેરિકી લોબિંગ કંપનીઓની સેવા લીધી હતી

**પાકિસ્તાનના** આર્મી ચીફ અસીમ મુનીરની તાજેતરની વોશિંગ્ટન મુલાકાત પણ આ લોબિંગ ફર્મ દ્વારા જ ગોઠવવામાં આવી હતી

નવી દિલ્હી, તા. 7: ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર' બાદ પાકિસ્તાન સરકારે



આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની છબી સુધારવા અને અમેરિકાની મદદ મેળવવા માટે ધમધમાટ શરૂ કર્યો છે. યુએસ ફોરેન એજન્ટ્સ રજીસ્ટ્રેશન એક્ટ (એફએઆરએ)ના તાજેતરના ખુલાસા મુજબ, પાકિસ્તાને ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર અને અમેરિકન સંસ્થાઓ સુધી પહોંચ મેળવવા માટે ટૂંકા ગાળામાં જ આશરે 5 મિલિયન ડોલર (45 કરોડ રૂપિયા) ખર્ચી નાખ્યા હતા.પાકિસ્તાને અમેરિકાની ટોચની લોબિંગ ફર્મ્સ, જેવી કે સ્કિવર પેટ્ટોન બોગ્ગસ અને જેવલીન એડવાઈઝરને હાયર કરી છે. આ ફર્મ્સના સંચાલકો ડોનાલ્ડ ટ્રમ્પના જૂના સાથીદારો હોવાનું મનાય છે.

### પાકિસ્તાનના લોબિંગ અભિયાનની મુખ્ય વિગતો

**કુલ ખર્ચ:** આશરે □45 કરોડ રૂપિયા (5 મિલિયન ડોલર) માત્ર 2025ના ગાળામાં.
**મુખ્ય ટાર્ગેટ:** વ્હાઇટ હાઉસ, પેન્ટાગોન અને સ્ટેટ ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીઓ.
**સંપર્કની સંખ્યા:** પાકિસ્તાની લોબિસ્ટોએ ઈમેલ, ફોન અને રૂબરૂ મુલાકાતો દ્વારા 60થી વધુ વખત અમેરિકન ઓફિશિયલ્સનો સંપર્ક કર્યો.
**એજન્ડા:** ભારત-પાક વિવાદમાં દખલગીરી, આર્થિક સહાય અને યુરોપિયન યુનિયન માર્કેટમાં પ્રવેશ.
**મીડિયા કેમ્પેઈન:** ન્યૂયોર્ક ટાઇમ્સ અને વોલ સ્ટ્રીટ જર્નલ જેવા અખબારોમાં પાકિસ્તાન તરફી નેરેટિવ સેટ કરવાનો પ્રયાસ.






### વનેઝુએલામાં ૯૦ દિવસની કટોકટી

# અમેરિકી સમર્થકોને પકડવાના આદેશ

**હથિયારધારી** લોકોનું જૂથ મોટરસાઈકલ પર ટ્રમ્પ સમર્થકોને શોધવા માર્ગો પર ફરી રહ્યું છે



કારકાસ, તા. 7: વેનેઝુએલામાં નિકોલસ માદુરોની ધરપકડ બાદ સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની છે. સરકારે 90 દિવસની કટોકટી જાહેર કરી છે, જેમાં અમેરિકી હુમલાને પ્રોત્સાહન કે સમર્થન આપનાર કોઈ પણ વ્યક્તિની તાત્કાલિક ધરપકડ કરવાનો આદેશ અપાયો છે. કારકાસના માર્ગોમાં 'કોલેક્ટિવોસ' તરીકે ઓળખાતી હથિયારધારી મોટરસાઈકલ ગેંગ સક્રિય થઈ છે. માસ્ક પહેરેલા આ સશસ્ત્ર સભ્યો ચેકપોઈન્ટ બનાવી લોકોના ફોન અને વાહનો તપાસી રહ્યા છે જેથી ટ્રમ્પ સમર્થકોને પકડી શકાય.

આ હિંસા અને અરાજકતા વચ્ચે અત્યાર સુધીમાં 14 પત્રકારોની અટકાયત કરવામાં આવી છે, જેમાંથી 11 વિદેશી છે. માદુરોના વફાદાર મંત્રી દીઓસ્દાદો કાબેલોએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ હજુ પણ માદુરોને જ દેશના કાયદેસરના પ્રમુખ માને છે. કાબેલોના એક વીડિયોમાં તેઓ અમેરિકનો અને ટ્રમ્પના સમર્થકોને 'ડુક્કર' કહી રહ્યા છે જે દેશના સંસાધનોની ચોરી કરશે.

બીજી તરફ, વિપક્ષી નેતા અને નોબેલ પુરસ્કાર વિજેતા મારિયા કોરિના મચાડોએ આ ગેંગની પ્રવૃત્તિઓને અત્યંત ચિંતાજનક ગણાવી છે. હાલ સામાન્ય નાગરિકોમાં એટલો ડર છે કે તેઓ જેલ જવાની બીકે ઘરની બહાર નીકળતા પણ ડરી રહ્યા છે.


**E AUCTION NOTICE FOR SALVAGE SALE**

Offers are invited for **Fire Damaged Salvage of Stock belonging** to **M/s JB Craft Paper LLP, Block No.412-413, NH-48, Village: Hathoda, Taluka: Mangrol, District: Surat, Gujarat 394405** on **'As is where is basis with all its defects".** E Auction for the same will be held on 13/01/2026 by E Auctioneer S P Auctions on their website **www.spauctions.in** For further details and participating in E Auction, please log on to website or call Mr. Sandeep Mob. **9326763328** of **S P Auctions LLP** or Mr. **Rajkumar Sharma 9979978299** / **Mr. Shri Pradip Sarvaliya 7778800143** of **JB Craft Paper LLP.**



